# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાકુંભને એકતાનો મહાયજ્ઞ ગણાવ્યો.

3) કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, “મહાકુંભ માટે 16 હજારથી વધુ ટ્રેન દોડાવવામાં આવી.”

4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે મધ્યપ્રદેશમાં ભારતરત્ન નાનાજી દેશમુખની પુણ્યતિથિ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

5) ICC ટ્રોફીમાં આજે રાવલપિંડીમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે મુકાબલો, -WPLમાં RCB અને અને ગુજરાત જાયન્ટ્સ ટકરાશે

.............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PREZ SoU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ગઇકાલથી ચાર દિવસના ગુજરાત પ્રવાસે છે. આજે સવારે સુશ્રી મુર્મૂએ નર્મદાના એકતાનગર ખાતે સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લઈ સરદાર પટેલની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરી હતી. આ અગાઉ સાગબારા અને તિલકવાડાના આદિવાસી ભાઈ-બહેનોએ મેવાસી અને હોળી નૃત્ય જેવા પરંપરાગત નૃત્ય દ્વારા સુશ્રી મુર્મૂનું સ્વાગત કર્યું હતું.

દરમિયાન સુશ્રી મુર્મૂને પ્રદર્શન કક્ષની મુલાકાત દરમિયાન લોહપુરુષ સરદાર પટેલના સંઘર્ષ અને યોગદાનની વિગત અપાઈ હતી. આ ઉપરાંત રાષ્ટ્રપતિશ્રીએ વ્યૂઈંગ ગેલરીમાંથી સરદાર સરોવર, નર્મદા બંધ અને વિધ્યાંચલ-સાતપુડા ગિરિમાળાનું સૌંદર્ય પણ નિહાળ્યું હતું.

રાષ્ટ્રપતિશ્રીએ જંગલ સફારી દરમ્યાન એકતાનગરમાં વન્યજીવોની મુલાકાત લીધી. આ ઉપરાંત તેમણે એકતા કૌશલ્ય વિકાસ કેન્દ્રની મુલાકાત લીધી અને તાલીમાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

સુશ્રી મુર્મૂ આજે અમદાવાદની રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા-N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે. સાંભળીએ એક અહેવાલ

**(વૉઈસકાસ્ટઃ અપર્ણા ખુંટ)**

# FINANCE MINISTERS-CONCLAVE

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, વૈશ્વિક સ્તરે તમામ પડકાર વચ્ચે પણ ભારત વિકાસ તરફ આગળ વધી રહ્યું છે. આજે નવી દિલ્હીમાં એક મીડિયા પરિષદને સંબોધતા, શ્રીમતી સીતારમણે જણાવ્યું કે વૈશ્વિક પુરવઠા શૃંખલાઓનું કેન્દ્રીકરણ ઘણા પડકાર ઉભા કરી રહ્યું છે. વૈશ્વિક વ્યવસ્થા વિકસિત દેશો દ્વારા નક્કી નહીં કરાય. તેમણે કહ્યું કે, નવી વિશ્વ વ્યવસ્થામાં વેપાર અને ટેકનોલોજી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને ભારતે તેમાં સ્પર્ધા કરવી પડશે.

વિકસિત દેશોને પણ ટેકનોલોજી અને પ્રતિભા, તેમજ દરેક વર્ગની આકાંક્ષાઓને પૂર્ણ કરવા અનેક મૂળભૂત મુદ્દાઓ પર ધ્યાન આપવાની જરૂર હોવાનું પણ શ્રીમતી સીતારમણે ઉમેર્યું હતું.

# ANIMAL WELFARE BOARD-AWARD

ભારતીય પશુ કલ્યાણ બોર્ડ દ્વારા આજે નવી દિલ્હીમાં પ્રાણી મિત્ર અને જીવ દયા પુરસ્કાર સમારોહ યોજાશે. આ સમારોહમાં પ્રાણી કલ્યાણ અને સંરક્ષણમાં નોંધપાત્ર યોગદાન બદલ ઉત્કૃષ્ટ વ્યક્તિઓ અને સંગઠનોને સન્માનિત કરાશે.

આ પુરસ્કારોને પ્રાણી મિત્ર પુરસ્કાર અને જીવ દયા પુરસ્કાર એમ બે પ્રાથમિક શ્રેણીમાં વહેંચવામાં આવ્યા છે. પ્રાણી મિત્ર પુરસ્કાર પાંચ પેટા શ્રેણીમાં અપાશે. જેમાં પશુ કલ્યાણ ક્ષેત્ર, નવીન વિચાર,આજીવન પશુ સેવા, પશુ કલ્યાણ સંગઠન તથા સંસ્થાઓ, જાહેર ક્ષેત્રના ઉપક્રમો, સરકારી અથવા સહકારી સંસ્થાઓનો સમાવેશ થાય છે. જીવ દયા પુરસ્કાર ત્રણ પેટા શ્રેણીમાં એનાયત કરાશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી રાજ્યમંત્રીઓ, એસ. પી. સિંહ બઘેલ અને જ્યોર્જ કુરિયન સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહેશે.

# PM MAHAKUMBH

હવે મહાકુંભના સમાચાર

(મહાકુંભ-ઑપનિંગ મ્યૂઝિક)

મહાકુંભને એકતાનો મહાયજ્ઞ ગણાવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું, “દેશને પોતાના વારસા પર ગર્વ છે અને દેશ નવી ઊર્જા સાથે વધુ આગળ વધી રહ્યો છે.” શ્રી મોદીએ સોશિયલ મીડિયા પર પોતાના વિચાર રજૂ કરતાં કહ્યું, “આ પરિવર્તનના યુગનો પ્રારંભ છે.”

પ્રધાનમંત્રીએ ઉમેર્યું, “મહાકુંભમાં શ્રદ્ધાળુઓનું ઘોડાપુર એ માત્ર વિક્રમ નહીં, પણ તેણે ભારતીય સંસ્કૃતિ અને વારસાને અનેક સદીઓ સુધી સમૃદ્ધ બનાવી રાખવા એક મજબૂત પાયો પણ નાખ્યો છે.” મહાકુંભની સફળ પૂર્ણાહૂતિ પર સંતોષ વ્યક્ત કરતા શ્રી મોદીએ લોકોની મહેનત, પ્રયાસ અને દ્રઢ સંકલ્પ બદલ આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, “140 કરોડ નાગરિકોની આસ્થા એકસાથે મહાકુંભ પર્વ પર કેન્દ્રીત રહી, જે અભિભૂત કરનારી ક્ષણ છે.” શ્રી મોદીએ મહાકુંભમાં સમાજના દરેક વર્ગ અને ક્ષેત્રના લોકો એકઠા થયા હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# VAISHNAV PRAYAGRAJ JUNCTION

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, “પ્રયાગરાજમાં મહાકુંભ માટે 16 હજારથી વધુ ટ્રેન દોડાવવામાં આવી.” પ્રયાગરાજ જંક્શન પર સંવાદદાતાઓને સંબોધતાં શ્રી વૈષ્ણવે કહ્યું, “પ્રયાગરાજથી અંદાજે 4 કરોડ 50 લાખ મુસાફરોએ ટ્રેનના માધ્યમથી પ્રવાસ કર્યો.” તેમણે જણાવ્યું, “રેલવેએ કુંભમેળા માટે અઢી વર્ષથી કામ કર્યું છે અને 5 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે.”

શ્રી વૈષ્ણવે ઉંમેર્યું, “મહાકુંભનું સફળ આયોજન રેલવે પોલીસ GRP, રેલવે સુરક્ષા દળ- RPF અને રેલવે સહિત વિવિધ એકમના સંયુક્ત પ્રયાસના કારણે શક્ય બન્યું છે.”

(બાઈટઃ અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય રેલવે મંત્રી)

(મહાકુંભ મ્યૂઝિક)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MP AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે મધ્યપ્રદેશમાં સતના જિલ્લાના ચિત્રકૂટમાં ભારતરત્ન નાનાજી દેશમુખની 15મી પુણ્યતિથિ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. દીનદયાળ સંશોધન સંસ્થાન દ્વારા દીનદયાળ પરિસર ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉક્ટર મોહન યાદવ પણ હાજર રહેશે. દીનદયાળ સંશોધન સંસ્થાનના જનરલ મેનેજર અમિતાભ વશિષ્ઠે જણાવ્યું, શ્રદ્ધાંજલિ સમારોહમાં સંત મોરારિ બાપુ અને સ્વામી અચલાનંદાચાર્ય મહારાજ સહિત અને અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

# CRICKET ICC CHAMPIONS TROPHY

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિસદ- I.C.C. ચૅમ્પિયન્સ ટ્રૉફી ક્રિકેટમાં આજે પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમમાં મૅચ ભારતીય સમય મુજબ, બપોરે અઢી વાગ્યે શરૂ થશે.

ગઈકાલે લાહોરમાં રમાયેલી મેચમાં અફઘાનિસ્તાને ઇંગ્લૅન્ડને 8 રનથી પરાજય આપ્યો હતો. આ સાથે ઇંગ્લેન્ડની ટીમ સ્પર્ધામાંથી બહાર થઈ છે. ઇંગ્લૅન્ડ 49 ઑવર 5 બૉલમાં 317 રન પર ઑલ-આઉટ થયું હતું. અફઘાનિસ્તાને 50 ઑવરમાં 7 વિકેટ ગુમાવી 325 રન બનાવ્યા હતા. બેટ્સમૅન ઈબ્રાહીમ જાદરાને I.C.C. ટ્રૉફીના ઇતિહાસમાં 177 રનનો સૌથી વધુ વ્યક્તિગત સ્કૉર બનાવી ઇંગ્લૅન્ડના બેન ડકેટે બનાવેલા 165 રનનો વિક્રમ તોડ્યો છે.

# WPL RESULT

મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ- W.P.L.માં આજે રોયલ ચૅલેન્જર્સ બેંગ્લુરુ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે બેંગ્લોરમાં મૅચ રમાશે. એમ. ચિન્નાસ્વામી સ્ટૅડિયમમાં સાંજે સાડા સાત વાગ્યે આ મેચ શરૂ થશે.

ગઇકાલે મુંબઈ ઇન્ડિયન્સે યુપી વૉરિયર્ઝને 8 વિકેટે પરાજય આપ્યો હતો. મુંબઈ ઇન્ડિયન્સે 143 રનના લક્ષ્યાંકને 2 વિકેટે 17 ઓવરમાં જ હાંસલ કર્યો હતો. નેટ સાઈવર બ્રન્ટે 44 બૉલમાં અણનમ 75 અને હેલે મેથ્યૂઝે 50 બૉલમાં 59 રન બનાવ્યાં હતાં.

મુંબઈ ઇન્ડિયન્સે ટૉસ જીતીને બોલિંગનો નિર્ણય કર્યો. યુપી વૉરિયર્ઝે 20 ઓવરમાં નવ વિકેટ ગુમાવી 142 રન બનાવ્યા. નેટ સાઈવર બ્રન્ટે 3 વિકેટ લીધી. તેમને પ્લૅયર ઑફ ધ મૅચ પણ જાહેર કરાયાં હતાં.

# GOVT SPORTS COMMITTEE

સરકારે રાષ્ટ્રીય રમતગમત મહાસંઘોને નાણાકીય સહાય આપવાના ધોરણોમાં સુધારો કરવા છ સભ્યની સમિતિ બનાવી છે. રમતગમત મંત્રાલયના જણાવ્યા મુજબ, સમિતિની અધ્યક્ષતા રમતગમતના સંયુક્ત સચિવ કુણાલ કરશે. સમિતિ 15 દિવસમાં પોતાનો અહેવાલ સોંપશે. પૅરિસ ઑલિમ્પિક પછી આ નવું ઑલિમ્પિક ચક્ર શરૂ થયું છે અને નવી પરિસ્થિતિઓમાં ધોરણોની સમીક્ષા કરવાની જરૂરિયાત અનુભવાઈ છે.

રાષ્ટ્રીય રમતગમત મહાસંઘોને નાણાકીય સહાય પૂરી પાડવાના ધોરણોમાં છેલ્લે વર્ષ 2022માં સુધારો કરાયો હતો. કેન્દ્ર સરકાર આંતર-રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારતીય ખેલાડીઓની તાલીમ અને ભાગીદારે સહિત વિવિધ રમત પ્રવૃત્તિઓ માટે સહાય યોજના અંતર્ગત રાષ્ટ્રીય રમતગમત મહાસંઘોને નાણાકીય સહાય પૂરી પાડી છે.